આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫
હેઠળ જપ્ત કરેલ
મુદ્દામાલ/જથ્થાને ગુજરાત
રાજય નાગરિક પુરવઠા
નિગમના ગોડાઉનોમાંથી નિકાલ
કરવા બાબત.

ગુજરાત સરકાર
અન્ન.નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતનો વિભાગ
પરિપત્ર ક્રમાંકઃઈસીએ/૧૦/૨૦૧૮/૪૩૧/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૧/૭/૨૦૧૮
૩૧-૭-૨૦૧૮

સંદર્ભ: (૧) આ વિભાગના તા.0૩/0૫/૧૯૮૪ નો પરિપત્રક્રમાંક: ઈસીએ/૧૦૮૪/૧૭૧૫/બ
(૨) આ વિભાગના તા.૧૦-૧૦-૧૯૮૪ પરિપત્રક્રમાંક: ઈસીએ/૧૦૮૪/૨૦૫૫/બ
(૩) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ. નો તા.૯/0૪/૨૦૧૮નો પત્રક્રમાંક:
નાપુનિ/૧૬૧/ક્યુ.સી/જપ્ત મુદ્દા માલ/ નિકાલ/૨૦૧૮-૧૯

પરિપત્રઃ-

ઉપર દર્શાવેલ સંદર્ભ (૧)ના પરિપત્રથી કલેકટરશ્રી દ્વારા સ્થગિત કરાયેલ આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ હેઠળ જપ્ત કરેલ માલ સામે જથ્થાની બજારકિંમત જેટલી બેંક ગેરેંટીની ડિપોઝીટ લઈને જથ્થો છુટો કરવા અંગે અત્રેથી હુકમ કરેલ છે. નિગમ હેઠળના ગોડાઉનમાં આ.ચી.ધારા-૧૯૫૫ હેઠળ જપ્ત કરવામાં આવેલ મુદ્દામાલનો નિકાલ સમયસર નહીં થવાથી ગોડાઉનમાં જગ્યા રોકાઈ રહે છે અને ગોડાઉનમા અન્ય હેતુસરનું અનાજ સંગ્રહ થઈ શકતું નથી. જેથી આવશ્યક ચીજવસ્તુ ધારા-૧૯૫૫ અન્વયે જપ્ત કરેલ મુદ્દામાલનો ઝડપથી નિકાલ કરવાની રજુઆત સંદર્ભ (૩)માં દર્શાવેલ પત્રથી અત્રે કરવામાં આવી છે. (નકલ સામેલ છે.)

ઉપરોકત હકીકતે, રાજય સરકારે પુખ્ત વિચારણાના અંતે નિગમના ગોડાઉનમાં સંગ્રહિત આ.ચી.ધારા-૧૯૫૫ હેઠળ જપ્ત કરેલ જથ્થા/મુદ્દામાલનો નિકાલ કરવા સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ પરિપત્ર મુજબ સ્થગિત જથ્થો બેંક ગેરેંટી લઈને એક મહિનામાં છુટો કરવાની કાળજી લેવા તમામ કલેકટરશ્રી અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.ઝેડ.શ્રોફ) ૩૧-૭-૨૦૧૮
ઉપ સચિવ
અ.ના.પુ.અને ગ્રા.બા.વિભાગ
ગુજરાત સરકાર

બિડાણ: ઉપર મુજબ

૩૧/૭/૧૮

(પાછળ.

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ

(૨) નિયામકશ્રી, અન્ન, અને નાગરિક પુરવઠા ગુજરાત રાજય, સચિવાલય, ગાંધીનગર

(3) મેનેજીંગ ડિરેકટરશ્રી, ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ આપની કચેરીના તા. ૯/૦૪/૨૦૧૮ના પત્રક્રમાંક: નાપુનિ/૧૬૧/ક્યુ.સી/જપ્ત મુદ્દા માલ/ નિકાલ/૨૦૧૮-૧૯ અન્વયે.

(૪) સર્વે કલેકટરશ્રી

(૫) સર્વે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી

(૬) સર્વે અધિકારીશ્રી/ સેકશન અધિકારીશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ

(૭) અન્ન નિયંત્રકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક અમદાવાદ, ગ્રાઉન્ડ ફ્લોર, મલ્ટીસ્ટોરેજ બિલ્ડીંગ, લાલદરવાજા, અમદાવાદ

(૮) સિલેકટ ફાઈલ

(૯) સિસ્ટમ મેનેજરશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ, પરિપત્રની વિગતો ઓનલાઈન મૂકવા સારું.